For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

પાઈપ્ડ ગેસ કનેક્શન મેળવવા માનવમહેરામણ ઉમટ્યું

LPG નહીં મળેની અફવાથી હાહાકાર

વોટ્સએપના એક મેસેજે આખા શહેરને દોડતું કર્યું, 'PNG ફરજિયાત અને ફ્રી'ની ભ્રામક વાતોમાં આવી હજારો લોકો ઉમટી પડ્યા, તંત્રે આપવી પડી સ્પષ્ટતા

(પ્રતિનિધિ), વડોદરા. તા.30

વડોદરામાં આજે વહેલી સવારથી જ અજીબોગરીબ સ્થિતિ જોવા મળી હતી. સોશિયલ મીડિયા, ખાસ કરીને વોટ્સએપ પર ફેલાયેલી એક પાયાવિહોણી અફવાએ શહેરના સામાન્ય નાગરિકોમાં એવો ગભરાટ ફેલાવ્યો કે હજારોની સંખ્યામાં લોકો દાંડિયા બજાર સ્થિત ગેસ કચેરીએ ઉમટી પડ્યા હતા. ધોમધખતા તાપમાં કલાકો સુધી લાઈનમાં ઉભા રહેલા લોકોમાં એક જ ફાળ હતી, જો આજે ફોર્મ નહીં ભરીએ તો કાલે રાંધણ ગેસનો બાટલો મળતો બંધ થઈ જશે. છેલ્લા બે દિવસથી સોશિયલ મીડિયા પર એક મેસેજ વાયરલ થઈ રહ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ અને ગેસના ભાવ વધશે, જેના કારણે ભારત સરકાર LPG (રાંધણ ગેસના બાટલા) બંધ કરી દેશે. આ મેસેજમાં વધુમાં જણાવાયું હતું કે, હવે PNG (પાઈપલાઈન ગેસ) લેવો ફરજિયાત છે અને જો અત્યારે ફોર્મ ભરવામાં આવશે તો કોઈ પણ પ્રકારની ડિપોઝિટ લેવામાં આવશે નહીં. આ ભ્રામક મેસેજને સાચો માનીને વડોદરાના રેશનીંગ કાર્ડ ધારકો અને મધ્યમ વર્ગીય પરિવારોમાં ફાળ પડી હતી. પરિણામે, આજે વહેલી સવારના 7 વાગ્યાથી જ દાંડિયા બજાર ગેસ ઓફિસ બહાર લોકોની લાંબી લાઈનો લાગી હતી, જે જોતજોતામાં લાંબી થઈ ગઈ હતી. સ્થિતિની ગંભીરતા જોતા ગેસ વિભાગના એડમિનિસ્ટ્રેશન અધિકારી જિગ્નેશ ગોહિલે તાત્કાલિક પ્રેસ કોન્ફરન્સ જેવી સ્થિતિમાં સ્પષ્ટતા કરી હતી. તેમણે મક્કમ શબ્દોમાં જણાવ્યું હતું કે, સરકાર તરફથી PNG કનેક્શન ફરજિયાત કરવા અંગેનો કોઈ જ પરિપત્ર (ગેજેટ) બહાર પાડવામાં આવ્યો નથી. LPG સિલિન્ડર સેવા રાબેતા મુજબ ચાલુ જ રહેશે. જે મેસેજમાં 'ફ્રી કનેક્શન'ની વાત કરવામાં આવી છે તે સંપૂર્ણપણે ખોટી છે.

વડોદરા કલેક્ટરે નિંદ્રાસનમાંથી જાગી અધિકારીઓ સાથે બેઠક યોજી

વડોદરા જિલ્લામાં જીવનજરૂરી ચીજવસ્તુઓ, રાંધણ ગેસ અને પેટ્રોલિયમ પેદાશોનો પુરવઠો અવિરત જળવાઈ રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે. જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ આજે કલેક્ટર કચેરી ખાતે એક મહત્વની સમીક્ષા બેઠક યોજી હતી, જેમાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે, કૃત્રિમ અછત ઊભી કરનારા કે કાળાબજાર કરનારા તત્વો સામે કાયદાનું કડક શસ્ત્ર ઉગામવામાં આવશે. બેઠક દરમિયાન કલેક્ટરએ જિલ્લા સ્તરીય એક વિશેષ સમિતિની રચના કરી છે. આ સમિતિનું મુખ્ય કામ જિલ્લાના તમામ પેટ્રોલ પંપ, ડીઝલ આઉટલેટ્સ, સરકારી અનાજના ગોડાઉનો, હોલસેલર્સ અને ખાતરના જથ્થાનું સતત મોનિટરિંગ કરવાનું રહેશે. કલેક્ટરએ સૂચના આપી હતી કે, હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓમાં કોમર્શિયલ LPG અને PNG નો પુરવઠો પ્રાથમિકતાના ધોરણે મળે તે સુનિશ્ચિત કરવું. જિલ્લાના દરેક જવાબદાર વિભાગે આ સમિતિને રોજબરોજનું રિપોર્ટિંગ કરવાનું રહેશે, જેથી ક્યાંય પણ અછતની સ્થિતિ સર્જાય તો ત્વરિત પગલાં લઈ શકાય. આ મહત્વની બેઠકમાં બજારમાં નિર્ધારિત ભાવે જ વસ્તુઓ વેચાય તે માટે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાશે.

પેટ્રોલ પંપો પર લાગી 'લક્ષ્મણ રેખા' । મિડલ ઈસ્ટમાં ભભૂકી રહેલી યુદ્ધની જ્વાળાઓની સીધી અસર હવે વડોદરાના વાહનચાલકોના ખિસ્સા અને ટાંકી પર જોવા મળી રહી છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના પુરવઠામાં સર્જાયેલી અનિશ્ચિતતાને પગલે શહેરના કેટલાક ખાનગી પેટ્રોલ પંપોએ સાવચેતીના ભાગરૂપે ઇંધણ વિતરણ પર મર્યાદા લાદી દીધી છે. હવે ટુ-વ્હીલર ચાલકોને માત્ર 200 અને ફોર-વ્હીલર ચાલકોને 1000 સુધીનું જ પેટ્રોલ-ડીઝલ આપવામાં આવી રહ્યું છે. આ આકસ્મિક નિર્ણયને કારણે વાહનચાલકોમાં ભારે ગૂંચવણ અને ફાળ પડી છે, જોકે પંપ સંચાલકોના મતે આ 'પેનિક બાયિંગ' રોકવા અને સ્ટોકનું સુચારૂ સંચાલન કરવા માટે લેવાયેલું આગોતરી તૈયારીનું પગલું છે.

કરજણમાં કંપનીના સિક્યુરિટી ગાર્ડ સાથે સામાન મુદ્દે ઝઘડામાં ધારીયાથી હુમલો કરાયો હતો

ભાજપ નેતાના ભાઈ કલ્પેશ ડાંગર સહિતના સાગરીતોને કેમ છાવરે છે ?

(પ્રતિનિધિ) વડોદરા તા.30

કરજણ ખાતે આવેલી એક કંપનીમાં સામાન લેવા ગયેલા ભાજપના નેતા ભરત ડાંગરના ભાઈ કલ્પેશ ડાંગર અને તેમના સાગરીતો દ્વારા ત્યાં હાજર સિક્યુરિટી ગાર્ડ સાથે મારામારી કરી હોવાનું સામે આવ્યું હતું. જેના વિડીયો પણ વાયરલ થયા હતા. આક્ષેપ મુજબ સિક્યુરિટી ગાર્ડ પર ધારીયા થી હુમલો કરીને કલ્પેશ ડાંગરે રિવોલ્વર તાકી હતી.આ ઘટનામાં સિક્યુરિટી ગાર્ડ પર ધારિયા જેવા હથિયારથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. વધુમાં, ઘટનાસ્થળે દોડી આવેલા કલ્પેશ ડાંગરે પોતાની લાયસન્સવાળી રિવોલ્વર સિક્યુરિટી ગાર્ડ તરફ તાકી હોવાની ચર્ચા એ પણ જોર પકડ્યું હતું. કંપનીમાં થયેલી આ જાહેર મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા મામલો ચર્ચાનો વિષય બન્યો છે. બીજી તરફ ભાજપના નેતાએ આ મામલે બંને પક્ષ વચ્ચે સમાધાન થઈ ગયાનું જણાવ્યું હતું, પરંતુ તે દાવો ખોટો સાબિત થયો હોવાનું કહેવાઈ રહ્યું છે. ઈજાગ્રસ્ત સિક્યુરિટી ગાર્ડ દ્વારા એસપી કચેરીએ રજૂઆત કરીને પોતાના પર થયેલા હુમલા અંગે કલ્પેશ ડાંગર સહિતના લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. મહત્વની વાત એ છે કે જાહેરમાં મારામારી, ધારિયા વડે હુમલો અને બંદૂક તાકી હોવાના ગંભીર આક્ષેપો થયા હોવા છતાં હજુ સુધી પોલીસે કોઈ સત્તાવાર ગુનો નોંધ્યો નથી. જેના કારણે સ્થાનિકોમાં ચર્ચા ચાલી રહી છે કે ભાજપના નેતાના ભાઈનો મામલો હોવાથી પોલીસ દ્વારા કેસ દબાવવા પ્રયાસ થઈ રહ્યો છે. હાલમાં પોલીસ ધારીયાથી હુમલો અને રિવોલ્વર બાબતે તપાસ ચાલી રહી હોવાનું રટણ કરી રહી છે. કંપની પર લગાવેલા સીસીટીવી કેમેરામાં પણ આ પ્રકારની કોઈ કરતું કેદ થઈ નથી તેવું પોલીસ અધિકારી જણાવે છે, પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી ન થતાં પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઊભા થયા છે.

સામાન્ય નાગરિક જો પોતાના ઘરના આંગણે નડતરરૂપ ડાળી કાપે તો પણ દંડ ફટકારાય છે

કારેલીબાગ સ્વામિનારાયણ મંદિરે 15થી વધુ વૃક્ષોનું નિકંદન કાઢ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.30

એક તરફ જ્યારે આખું વિશ્વ ગ્લોબલ વોર્મિંગની ઝપેટમાં છે અને વડોદરાનું તાપમાન 40 ડિગ્રીને આંબી રહ્યું છે, ત્યારે વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં એક અત્યંત શરમનાક અને આઘાતજનક ઘટના પ્રકાશમાં આવી છે. કારેલીબાગ સ્થિત સ્વામિનારાયણ મંદિરના સંચાલકો દ્વારા રસ્તાની વચ્ચે આવેલા ડિવાઈડર પર શોભતા 15થી વધુ વર્ષો જૂના અને ઘટાદાર વૃક્ષોને રાતોરાત કાપી નાખીને પર્યાવરણનો સોથ વાળી દેવામાં આવ્યો છે. આ મામલે શહેરના પર્યાવરણપ્રેમીઓ અને સ્થાનિક રહીશોમાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની બેધારી નીતિ અહીં છતી થઈ છે. શહેરનો કોઈ સામાન્ય નાગરિક જો પોતાના ઘરના આંગણે નડતરરૂપ ડાળી કાપવા માટે 'પાર્ક એન્ડ ગાર્ડન' શાખામાં અરજી કરે, તો તેને મહિનાઓ

સુધી ધક્કા ખવડાવવામાં આવે છે અથવા તો મસમોટો દંડ ફટકારવામાં આવે છે. તો પછી સવાલ એ ઉભો થાય છે કે, જાહેર મિલકત ગણાતા ડિવાઈડર પરના આટલા બધા વૃક્ષો કાપવાની પરવાનગી મંદિરના સંચાલકોને કોણે આપી ? શું પાલિકાના અધિકારીઓ મંદિરના વગદાર સંચાલકો સામે નતમસ્તક થઈ ગયા છે ? આ વૃક્ષો કપાતા અનેક પક્ષીઓના માળાઓ વેરવિખેર થઈ ગયા છે. ત્યારે એક જાગૃત નાગરિકએ પર્યાવરણની રક્ષા કાજે અવાજ ઉઠાવ્યો હતો. તો સત્તાનુ જોરે ચૂપ કરાવી દેવાનો પ્રયાસ કરાયો હતો.બીજી બાજુ મંદિર સંચાલકોએ આ ઝાડ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે અને તે વધુ પ્રમાણમાં કાર્બન ડાયોક્સાઈડ છોડતું હોવાથી અસ્થમાં જેવી શ્વાસ ની તકલીફો થાય છે. જેના કારણે અમે અહીંયાથી આ વૃક્ષો દૂર કર્યા હોય તેમ જણાવી પોતાની ભૂલને દબાવવાનો પ્રયાસ કર્યો હતો.

બોલો, પાર્ક એન્ડ ગાર્ડનના ડાયરેક્ટર પરવાનગી મળી છે કે નહીં બાબતથી અજાણ

આ સમગ્ર ડિવાઇડરનું ડેવલોપિંગ કરવા માટે અમે સ્વામિનારાયણ મંદિર ને સોંપ્યું છે. પરંતુ મંદિર સંચાલકોએ વૃક્ષો કાપવાં માટેની પરવાનગી લીધી છે કે કેમ એ માહિતી ઉત્તર ઝોન ના આસી. ડાયરેક્ટર નિલેશકુમાર કે હડિયા પાસે મંગાવી છે.

મંગેશ જયસ્વાલ, પાર્ક એન્ડ ગાર્ડન શાખા ના ડાયરેક્ટર

અકસ્માતોની શક્યતાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે

કવચ પ્રણાલીથી સજ્જ રેલવે એન્જીનનું GMના હસ્તે પ્રસ્થાન

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરા રેલવે સ્ટેશન ખાતે પશ્ચિમ રેલવેના જી.એમ. પ્રદીપ કુમાર દ્વારા વડોદરા નાગદા રૂટ પર રેલ સુરક્ષાને વધુ સઘન બનાવતી કવચ સિસ્ટમનું કમિશનિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડી.આર.એમ. રાજુ ભડકે સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ કવચ પ્રણાલીથી સજ્જ રેલવે એન્જીનને ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મનું 6 પરથી પશ્ચિમ રેલવેના સિગ્નલ અને ટેલિકોમ વિભાગ દ્વારા વડોદરા નાગદા ખંડ પર સ્વદેશી કવચ સિસ્ટમનું લોકાર્પણ પશ્ચિમ રેલવેના જનરલ મેજર પ્રદીપ કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. જે કવચના નવીનતમ વર્ઝન 4.0 ના ધોરણો મુજબ કરવામાં આવ્યું છે. જે સ્વેદશી કવચ પ્રણાલી રેલ સુરક્ષાને વધુ

મજબૂત બનાવે છે. કવચ સિસ્ટમનો કુલ 224.51 રૂટ કિલોમીટરમાં લાગુ કરવામાં આવશે, જેમાં વડોદરાથી મંગલ મહુડી 122.5 આરકેએમ તથા પંચપિપલિયાથી નાગદા 102.01 આરકેએમ ખંડનો સમાવેશ થાય છે. જે કવચ પ્રણાલીમાં મહત્વપૂર્ણ તકનિકી સુધારો છે. સ્વદેશી કવચ સિસ્ટમ માનવીય ભૂલોને ઘટાડીને જરૂરી પરિસ્થિતિ ઓમાં આપોઆપ હસ્તક્ષેપ કરે છે. જેના કારણે અકસ્માતોની શક્યતાઓમાં નોંધપાત્ર ઘટાડો થાય છે.

ઉમેદવારોની પસંદગી માટે 2 દિવસીય 'સેન્સ' પ્રક્રિયા યોજાશે

વડોદરા જિ. ભાજપા દ્વારા ચૂંટણીઓનું રણશિંગુ

(પ્રતિનિધિ), વડોદરા. તા.30

વર્ષ 2026માં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓનો જંગ હવે જામ્યો છે. વડોદરા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનાત્મક સ્તરે ચૂંટણીલક્ષી તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. પક્ષના સંનિષ્ઠ અને લોકપ્રિય ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે આગામી 1 અને 2 એપ્રિલ, 2026 ના રોજ જિલ્લાના તમામ મંડલો માટે 'સાંભળવાની પ્રક્રિયા' (સેન્સ લેવાની પ્રક્રિયા) નું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા પ્રમુખ અને સંગઠનના પદાધિકારીઓના માર્ગદર્શન હેઠળ આ પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટે બે અલગ-અલગ જૂથોની રચના કરવામાં આવી છે. આ નિરીક્ષકો દ્વારા વિવિધ તાલુકા અને નગર પાલિકા વિસ્તારોના દાવેદારો તેમજ સ્થાનિક કાર્યકરોની રજૂઆતો સાંભળવામાં આવશે. ભાજપાના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સેન્સ પ્રક્રિયામાં પેજ સમિતિથી લઈને તાલુકા કક્ષાના હોદ્દેદારો પોતાના મંતવ્યો આપશે. નિરીક્ષકો દ્વારા લેવામાં આવેલી આ સેન્સનો અહેવાલ પ્રદેશ કક્ષાએ મોકલવામાં આવશે, જેના આધારે અંતિમ ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં ભાજપ ફરી એકવાર ક્લીન સ્વીપ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરી રહ્યું છે, ત્યારે કાર્યકરોમાં પણ ટિકિટ મેળવવા માટે ભારે ઉત્સાહ અને હરીફાઈ જોવા મળી રહી છે.

ભાજપમાં ટિકિટ જોઈતી હોય તો ફોલોઅર્સ બતાવવા પડશે

ભાજપ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા (સેન્સ) વધુ કડક બનાવવામાં આવી છે. આ વખતે ટિકિટના દાવેદારોએ માત્ર રાજકીય વગ જ નહીં, પણ પોતાની આખી કુંડળી ફોર્મમાં ભરવી પડશે. જેમ કે ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને ટ્વિટર (X) પર કેટલા ફોલોઅર્સ છે તેની વિગત આપવી પડશે.

પ્રથમ દિવસ :- 1 એપ્રિલ 2026, બુધવાર

જૂથ-1 :- વંદે કમલમ જિલ્લા ભાજપા કાર્યાલય, કપુરાઈ ચોકડી ખાતે સાવલી અને ડેસર પંથકના કાર્યકરોનો જમાવડો થશે.

સવારે 09:00 કલાકે :- સાવલીનગર મંડલ
સવારે 11:00 કલાકે :- ડેસર તાલુકા મંડલ
બપોરે 02:30 કલાકે :- સાવલી તાલુકા મંડલ

જૂથ-2 :- એ.પી.એમ.સી. હોલ, નવા બજાર, કરજણ
દક્ષિણ વડોદરાના વિસ્તારો માટે કરજણ ખાતે

સવારે 09:00 કલાકે :- ડભોઈનગર મંડલ
સવારે 11:00 કલાકે :- ડભોઈ તાલુકા મંડલ
બપોરે 02:30 કલાકે :- શિનોર મંડલ

દ્વિતીય દિવસ :- 2 એપ્રિલ 2026, ગુરૂવાર

જૂથ-1:- વંદે કમલમ જિલ્લા ભાજપા કાર્યાલય, વડોદરા

સવારે 09:00 કલાકે :- વાઘોડિયા નગર મંડલ
સવારે 11:00 કલાકે :- વાઘોડિયા તાલુકા મંડલ
બપોરે 02:30 કલાકે :- વડોદરા તાલુકા મંડલ

જૂથ-૨: એ.પી.એમ.સી. હોલ, નવા બજાર, કરજણ

સવારે 09:00 કલાકે :- પાદરા નગર મંડલ
સવારે 11:00 કલાકે :- પાદરા તાલુકા મંડલ
બપોરે 02:30 કલાકે :- કરજણ તાલુકા મંડલ

ત્રણ વર્ષની દીકરીએ પિતાનું છત્ર ગુમાવ્યું

ક્રિકેટ રમ્યા બાદ યુવકનું મોત, હીટસ્ટ્રોકની આશંકા

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરા શહેરના આજવા રોડ પર આવેલી નીલમ સોસાયટીમાં રહેતા 40 વર્ષીય શૈલેષકુમાર પટેલનું રવિવારે અચાનક મોત થતાં વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

આજવા રોડ પર આવેલી નિલમ સોસાયટીમાં રહેતા શૈલેષભાઈ પટેલ રવિવારની રજા ના દિવસે લેપ્રસી ગ્રાઉન્ડ ખાતે મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયા હતા.

બપોરે ઘરે પરત આવી ભોજન લીધા બાદ તેઓ બેઠા હતા, ત્યારે અચાનક તેમને ઉલ્ટી થઈ અને તેઓ બેભાન થઈ ઢળી પડ્યા હતા. પરિવારજનોએ તેઓને તાત્કાલિક તેમને નજીકની હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

પ્રાથમિક અનુમાન મુજબ, કાળઝાળ ગરમીમાં વધુ શારીરિક શ્રમને કારણે હીટસ્ટ્રોક લાગતા હૃદયરોગનો હુમલો આવ્યો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ સમગ્ર ઘટનાની જાણ થતાંની સાથે જ બાપોદ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક શૈલેષ પટેલ પાછળ પત્ની અને ત્રણ વર્ષની એક દીકરી છે, તેમનાં મોતના કારણે સમગ્ર પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

વાલીઓ બાળકોના ભવિષ્યને લઈ ચિંતાતુર ,સ્કૂલ પ્રસાશનને રજૂઆત

તાંદલજાની આત્મજ્યોત વિદ્યાલયને તોડી પાડવા કવાયત હાથ ધરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરાના તાંદલજા વિસ્તારમાં નવીનગરી પાસે આવેલ આત્મ જ્યોત વિદ્યાલયને લઈને ગંભીર વિવાદ ઉભો થયો છે. વર્ષ 1994થી શ્રી ગજાનન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આ શાળા છેલ્લા 32 વર્ષથી હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડતી આવી છે, ત્યારે અચાનક પરીક્ષાના સમયમાં જ સ્કૂલ તોડવાની જાહેરાત થતા વાલીઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, બે દિવસ પહેલા વાલીઓને મેસેજ કરી તાત્કાલિક મીટીંગ માટે બોલાવવામાં આવ્યા હતા. આ મીટીંગ દરમિયાન સ્કૂલ સંચાલકોએ જણાવ્યું કે, ટૂંક સમયમાં સ્કૂલ તોડી પાડવામાં આવશે અને વાલીઓને તેમના

બાળકોને અન્યત્ર શિફ્ટ કરવા સૂચના આપવામાં આવી હતી. આ અચાનક નિર્ણયથી વાલીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. વાલીઓનો સીધો સવાલ છે કે, 32 વર્ષથી સુચારૂ રીતે ચાલતી સ્કૂલને તોડવાનો નિર્ણય કયા કારણસર લેવાયો? શું કોઈ પ્રશાસકીય દબાણ છે કે પછી અન્ય કોઈ સ્વાર્થ? વાલીઓએ આક્ષેપ કર્યો છે કે, પરીક્ષા દરમિયાન આવો નિર્ણય લેવામાં આવતા બાળકોના અભ્યાસ અને માનસિક સ્થિતિ પર ગંભીર અસર પડી રહી છે. મધ્ય સત્રમાં સ્કૂલ બદલી કરવાની ફરજ પડતા વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે સીધી ચેડાં થઈ રહ્યા છે. અમારા બાળકોનું ભવિષ્ય કોણ સંભાળશે? એવો સવાલ વાલીઓ ઉઠાવી રહ્યા છે. આ સમગ્ર મામલે સોમવારે વાલીઓએ એકત્રિત થઈને સંચાલકો સામે જોરદાર રજૂઆત કરી હતી અને સ્પષ્ટતા માંગવામાં આવી હતી. વાલીઓએ આ વિદ્યાલયને ટીપી રસ્તો પાડવામાં આવી રહ્યો હોવાના કારણે વિદ્યાલયને તોડી પાડવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું, સાથે વાલીઓએ ચેતવણી આપી હતી કે, જો યોગ્ય જવાબ નહીં મળે તો તેઓ આંદોલનનો રસ્તો અપનાવશે.

વર્ષ 2027થી વિદ્યાર્થીને બારકોડ સાથેની મળશે માર્કશીટ

ગુજરાત બોર્ડની માર્કશીટનું ફોર્મેટ હવે બદલાઈ જશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓને અપાતી માર્કશીટમાં આગામી 2027થી મોટો ફેરફાર કરાશે. હાલ વિદ્યાર્થીઓને જે માર્કશીટ અપાય છે. તેમાં બારકોડ નથી હોતો. જેથી ડિજિટલ વેરિફિકેશનમાં મુશ્કેલી પડતી હોય છે. પરંતુ, હવે વર્ષ 2027ની બોર્ડ પરીક્ષાથી વિદ્યાર્થીઓને ધોરણ 10 અને 12ની માર્કશીટ બારકોડ સાથેની અપાશે. જેમાં નીચેની બાજુએ અલગથી બારકોડ મુકાશે. જે સ્કેન કરીને વિદ્યાર્થી ડિજિટલ કોપી પણ રાખી શકશે અને વેરિફિકેશનમાં પણ સરળતાથી છે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષે ધોરણ 10 અને 12 ના 15 લાખથી વધુ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાતી હોય છે અને આ લાખો વિદ્યાર્થીઓને અપાતી માર્કશીટમાં છેલ્લા 21 વર્ષથી કોઈ અપડેટેશન ન કરાયું હોય કે ડિજિટલાયજેશન ન થયું હોય અને ફોર્મેટ ન બદલાયું હોવાની ફરિયાદ ઉઠી હતી. હાલમાં ગુજરાત શિક્ષણ બોર્ડની માર્કશીટ આજે પણ દાયકાઓ જુના ફોર્મેટમાં જ અપાઈ રહી છે. અન્ય રાજ્યો અને સીબીએસઈ બોર્ડ દ્વારા ક્યુઆર કોડ ડિજિટલ સિગ્નેચર સાથેની માર્કશીટ આપવામાં આવે છે અને ડીજી લોકરમાં પણ પરિણામ સાથે માર્કશીટનો ડેટા મુકાતો હોવાથી વિદ્યાર્થીને ડીજી લોકરમાંથી પણ માર્કશીટ મળે છે. ત્યારે, ગુજરાત બોર્ડ દ્વારા આવી કોઈ વ્યવસ્થા કરાઈ ન હતી. ત્યારે, મોડા મોડા હવે ગુજરાત બોર્ડ દ્વારા પણ આગામી વર્ષ 2027ની પરીક્ષાથી ધોરણ 10 અને 12 ના લાખો વિદ્યાર્થીને ક્યુઆર બારકોડ સાથેની ડિજિટલ માર્કશીટ આપવામાં આવશે. જે માટે માર્કશીટનું ફોર્મેટ બદલાશે.

આન્સર-કી સામે વાંધા રજૂ કરવા માટે 4 એપ્રિલ સુધીની મુદ્દત

GSEBના ધો.12 વિજ્ઞાન પ્રવાહની પ્રોવિઝનલ આન્સર-કી જાહેર કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ-2026માં લેવાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધો.12 વિજ્ઞાન પ્રવાહના મહત્વના વિષયોની પ્રોવિઝનલ આન્સર-કી જાહેર કરવામાં આવી છે. બોર્ડ દ્વારા ગણિત (050), રસાયણવિજ્ઞાન (052), ભૌતિકવિજ્ઞાન (054) અને જીવવિજ્ઞાન (056) વિષયના પ્રશ્નપત્ર સેટ નંબર 1 થી 20 ની આન્સર-કી પ્રસિદ્ધ કરવામાં આવી છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમના તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવેલ આ પ્રોવિઝનલ આન્સર-કી બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પર મૂકવામાં આવી છે.

વિદ્યાર્થીઓ અને વાલીઓ આ વેબસાઈટ પર જઈને પોતપોતાના વિષય અને માધ્યમ મુજબની આન્સર-કી ચકાસી શકશે. બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી આ આન્સર-કી અંગે જો કોઈને પણ રજૂઆત કે વાંધો હોય, તો તેઓ નિયત નમૂનામાં વિષયવાર, માધ્યમવાર અને પ્રશ્નદીઠ અલગ અલગ રજૂઆત કરી શકશે.

વાંધા રજૂ કરવા માટેની અંતિમ તારીખ 04/04/2026, શનિવાર સાંજે 18:00 કલાક સુધીની નક્કી કરવામાં આવી છે. રજૂઆત માત્ર ઓફિશયલ ઈ-મેઈલ આઈડી મારફતે જ સ્વીકારવામાં આવશે. કોઈપણ પ્રશ્ન સામે રજૂઆત કરવા માટે ઉમેદવારે પ્રશ્નદીઠ રૂા. 500 ની નિયત ફી ચલણથી એસબીઆઈમાં ભરવાની રહેશે. આ ચલણનો નમૂનો પણ બોર્ડની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

રજૂઆત સાથે નાણાં ભરેલા ચલણની નકલ ઈ-મેઈલ મારફતે મોકલવી અનિવાર્ય છે, ચલણ વગરની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવાર દ્વારા કરવામાં આવેલી રજૂઆત સાચી ઠરશે, તો તે પ્રશ્ન માટે ભરેલી ફી ઉમેદવારને પરત કરવામાં આવશે. વધુ માહિતી માટે વિદ્યાર્થીઓને બોર્ડની વેબસાઈટની નિયમિત મુલાકાત લેવા સૂચના આપવામાં આવી છે.